# ડિગ્રી / ડિપ્લોમા ફાર્મસી અભ્યાસક્રમો ચલાવતી સરકારી, અનુદાનિત તેમજ સ્વનિર્ભર સંસ્થાઓ ખાતે ખાલી રહેલી બેઠકો પર ઓફ લાઈન પ્રવેશ માટેના રૂબરૂ પ્રવેશ કાર્યક્રમ અંગેની જરૂરી સૂચના (પ્રવેશ વર્ષ-૨૦૧૮)

- ઓફલાઈન પ્રવેશ ઈચ્છુક રજીસ્ટર્ડ ઉમેદવારોએ ખાલી રહેલી બેઠકો પરના પ્રવેશ કાર્યક્રમમાં ભાગ લેવા માટે www.gujacpc.nic.in ઉપર પોતાના લોગ ઈન આઈડી (Login ID) ની મદદથી **તા. ૧૧-૦૯-૨૦૧૮ થી તા. ૧૩-૦૯-૨૦૧૮** દરમ્યાન ઓનલાઈન સંમતિ (Consent) આપવાની રહેશે.
- આ ખાલી બેઠકોની પ્રવેશ કાર્યવાહીમાં પ્રથમ વર્ષ ડિગ્રી / ડિપ્લોમા ફાર્મસી પ્રવેશ વર્ષ-૨૦૧૮ ના મેરીટ સમાવિષ્ટ તમામ ઉમેદવારો કે જેઓએ **ઉપરોક્ત સમયમર્યાદામાં સંમતિ આપેલ હશે તેઓ જ સદર પ્રક્રિયામાં ભાગ લઈ શકશે.**
- પ્રવેશ ઈચ્છુક ઉમેદવારોએ **(ઓનલાઈન સંમતિ આપ્યા બાદ રજિસ્ટ્રેશન ડિટેઈલની પ્રિન્ટ આઉન્ટ સાથે),** વેબસાઈટ www.jacpcldce.ac.in પર તા. ૧૫-૦૯-૨૦૧૮ ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવનાર ઓફ લાઈન કાઉન્સીલીંગના કાર્યક્રમ મુજબ **રૂબરૂમાં પ્રવેશ સમિતિ, એલ. ડી. એન્જિનીયરીંગ કોલેજ કેમ્પસ, નવરંગપુરા, અમદાવાદ ખાતે, મેરીટ ક્રમાંક મુજબ સ્વખર્ચે અચૂક હાજર થવાનું રહેશે અન્યથા પ્રવેશ બાબતનો હક દાવો રહેશે નહી.** આ રાઉન્ડના સંમતિ આપવાથી તે બેઠકો ઉપર પ્રવેશ મળશે જ તેવી કોઈ બાંહેધરી આપવામાં આવતી નથી.
- આ ખાલી બેઠકોની પ્રક્રિયામાં પોતાનો હાલનો પ્રવેશ રદ કરાવ્યા વગર પણ ભાગ લઈ શકશે. પરંતુ ઉમેદવારને જો સદર પ્રક્રિયામાં ખાલી પડેલ જગ્યાઓમાં પ્રવેશ મળશે તો જુનો પ્રવેશ આપો આપ રદ થશે તથા ફી રીફંડની કાર્યવાહી સરકારશ્રીના પ્રવેશ અંગેના જાહેરનામાના નિયમ-૧૮ પ્રમાણે "જુનો પ્રવેશ રદ થવાથી એ સંસ્થા ખાતે જો તેની સામે બેઠક ફાળવાશે તો ફી રીફંડ મળવા પાત્ર રહેશે."
- રૂબરૂ કાઉન્સેલીંગ દરમ્યાન ઉમેદવાર જે તે સમયે ઉપલબ્ધ ખાલી બેઠકોમાં પોતાની પસંદગીની બેઠક ઉપલબ્ધ ના હોય તો પોતાના પ્રવેશ અંગેની અસંમતિ દર્શાવી શકે છે અને આવા ઉમેદવારનો અગાઉનો પ્રવેશ કાયમ રહેશે. ઓફ લાઈન પ્રવેશ પ્રક્રિયા દરમ્યાન મળેલ પ્રવેશ કાયમ કરાવ્યા બાદ ભરવા પાત્ર ફી જે તે સંસ્થા ખાતે ભરવાની રહેશે.
- શૈક્ષણિક વર્ષ-૨૦૧૮-૨૦૧૯ ની ડિગ્રી / ડિપ્લોમા ફાર્મસી અભ્યાસક્રમોની ઓનલાઈન પ્રવેશ કાર્યવાહી અત્રેની સમિતિ દ્વારા તા. ૦૭-૦૯-૨૦૧૮ ના રોજ પૂર્ણ થયેલી જાહેર કરવામાં આવેલ છે. ઉમેદવારે પોતાને અગાઉનો મળેલ પ્રવેશ રદ કરાવવો હોય તો જે સંસ્થામાં પ્રવેશ મળેલ હોય તે સંસ્થામાં લેખીતમાં અરજી કરવાની રહેશે. પ્રવેશ રદ થયા બાદ ઉમેદવારને ફી રીફંડ સરકારશ્રીના પ્રવેશ અંગેના જાહેરનામાના નિયમ-૧૮ પ્રમાણે થશે.
- વેબસાઈટ ઉપર દર્શાવેલ બેઠકો ઉપરાંત ઉચ્ચ મેરીટ ધરાવતાં ઉમેદવારોને પ્રવેશ મળતાં તેમના દ્વારા ખાલી થયેલ આનુશાંગીક સરકારી, અનુદાનીત તેમજ સ્વનિર્ભર સંસ્થાઓની બેઠકો પણ ઉપલબ્ધ થવાની શક્યતાઓ છે. પ્રવેશ કાર્યક્રમ દરમ્યાન તબક્કાવાર ખાલી બેઠકોની માહિતી વારંવાર પ્રવેશ સમિતિની વેબસાઈટ પર અપડેટ કરવામાં આવશે. આથી ઉમેદવારોને પોતાનો મેરીટ ક્રમાંક અને ઉપલબ્ધ બેઠકોની માહિતી ચકાસી અને ત્યાર બાદ ઓફ લાઈન પ્રવેશ માટે પ્રવેશ સમિતિ ખાતે મેરીટ ક્રમાંક મુજબ હાજર રહેવાની સલાહ આપવામાં આવે છે.

**તા. ૧૦-૦૯-૨૦૧૮**

**– મેમ્બર સેક્રેટરી**